ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





આનંદ ભયો... - કમલમ્ ખાતે ભાજપના નવ નિર્વાચિત ધારાસભ્યોની બેઠકમાં નવા નેતાની વરણી સમયે સૌના ચહેરા પર વિજયના ગૌરવનો ભાવ છલકાતો હતો... ભારત માતાકી જયના નારા સાથે સૌએ નેતા પદે વિજય રૂપાણી અને ઉપનેતા પદે નિતીનભાઈ પટેલને વધાવી લીધા હતા... પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બંનેને શુભેચ્છાઓ પાઠવી ગુજરાતના વિકાસ માટે અંતરની ઈચ્છાઓ વ્યક્ત કરી હતી...

# મંત્રીમંડળની રચના સાથે સંગઠ્ઠન માળખામાં પણ ફેરફાર થશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં નવા મંત્રીમંડળની રચના સાથે પ્રદેશ સંગઠ્ઠન માળખામાં પણ ફેરફાર થવાના સંકેતો ભાજપના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સંગઠ્ઠનના હાલના સુકાની જીતુ વાઘાણીને મંત્રીમંડળમાં સ્થાન આપવાનું લગભગ નક્કી થઈ ચુક્યુ છે. આ ઉપરાંત નવા મંત્રીમંડળમાં રાજયમંત્રીનો હોદ્દો ધરાવતા પ્રદીપસિંહ જાડેજા, જયેશ રાદડિયાને કેબિનેટ મંત્રી તરીકે સમાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

કચ્છમાંથી વાસણભાઈ આહિર, મહેસાણામાંથી ભરતસિંહ ડાભીને રાજ્યમંત્રી બનાવાશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત મનીષા વકીલ સહિત ત્રણેક મહિલાઓને પણ મંત્રીમંડળમાં સ્થાન અપાશે તેમ મનાઈ રહ્યુ છે. રાજ્ય સરકારમાં નવા મંત્રીમંડળનું કદ હાલ દ્વિસ્તરીય જ રાખવામાં આવશે તેવું વિચારાઈ રહ્યુ છે. ત્રિસ્તરીય મંત્રીમંડળ કરાય તો નાયબ મંત્રીઓની જગ્યાઓ રખાશે તેવી અટકળો પણ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

# નવ નિર્વાચિત ૬૪ ધારાસભ્યોને આવાસની ફાળવણી કરાશે

**સે-૨૧ માં એમ એલ એ કવાર્ટસના ૧૬૮ પૈકી ૧૫ જેટલા મકાનો બારેમાસ ખાલી હોય છે**

ગાંધીનગર તા ૨૨

ગુજરાત વિધાનસભાની ચુંટણીના અંતે એમ એલ એ કવાટર્સ ફાળવવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ચુંટાયેલા પ્રતિનિધિઓને એમ એલ એ કવાર્ટસનો કબજો સોંપવા માટે અગાઉ ફાળવવામાં આવેલા ૬૪ કિસ્સામાં કવાર્ટસ ખાલી કરવામાં આવશે. વિધાનસભાની ચુંટણીના અંતે ધારાસભ્યોને સે-૨૧ માં એમ એલ એ કવાર્ટસ ફાળવવામાં આવે છે. જયારે ડી કક્ષાના ૧૬૮ મકાનો પૈકી ૧૫ જેટલા મકાનો બારેમાસ ખાલી રહેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીના અંતે પરિણામો જાહેર કરી દેવાયા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીના નામો પણ જાહેર કરી દેવાયા છે. જયારે ટુંકમાં જ નવા મંત્રીમંડળના શપથવિધિનુ પણ આયોજન કરી દેવાશે. નવા મંત્રીમંડળની રચના માટે પણ તૈયારીઓ ચાલી રહી છે. જયારે ચુંટાયેલા ધારાસભ્યોને માટે સે-૨૧ ખાતે એમ એલ એ કવાર્ટસમાં આવાસ ફાળવવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. સે-૨૧ એમ એલ એ કવાટર્સમાં કુલ ૧૬૮ જેટલા મકાનો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છ શહેર માટે આજે મનપાના અધિકારીઓ રોડમેપ તૈયાર કરશે

**સ્થાયી સમિતિએ સ્વચ્છતા સર્વેક્ષણને ધ્યાને રાખી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત ડીપીઆર તૈયાર કરાઈ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી જાન્યુઆરીમાં આવી રહેલા સ્વચ્છતા સર્વેક્ષણને લઈ તે અંગેની તૈયારીઓ માટેનો રોડમેપ તૈયાર કરવા મનપાના અધિકારીઓની આજે મહત્વની બેઠક મળશે.

મનપાની સ્થાયી સમિતિએ સ્વચ્છતા સર્વેક્ષણને ધ્યાને રાખી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત ડીપીઆર તૈયાર કરી લીધો છે એટલુ જ નહિ તે સરકારમાં મોકલી આપવાની તૈયારીઓ કરી લીધી છે.

મનપાના અધિકારીઓની આજે મળનારી બેઠકમાં જાહેર સફાઈ, ડોર ટુ ડોર કલેક્શન સઘન બનાવવા ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ, ડમ્પીંગ સાઈટ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

શહેરમાં જાહેર સફાઈ તેમજ જાહેર શૌચાલયોની સફાઈ માટે ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. શૌચાલયોની સફાઈ માટે ખાસ મોનીટરીંગ સિસ્ટમ પણ ઉભી કરવામાં આવી છે તેમજ જાહેર સફાઈ માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે શહેરમાં ઓ.એફ.ડી. વોર્ડ ઘોષિત કરવાના આ વર્ષે હજુ બાકી છે. જો કે હવે પછી મળનારી સામાન્ય સભામાં આ અંગેની કામગીરી સંપન્ન કરી દેવામાં આવશે. ખાસ કરીને વ્યક્તીગત શૌચાલયો બનાવવાની કામગીરી ઝડપથી સંપન્ન થાય તે માટે આજની બેઠકમાં ખાસ સમીક્ષા કરી અને કામગીરી સઘન બનાવવા પર ભાર મુકવામાં આવશે.

હાલ મનપામાં જાહેર સફાઈના અભિયાનો જે હાથ ધરાયા છે તે પછી પણ ઘણા બધા સેક્ટરોમાં પુનઃ ગંદકીના ઢગલા યથાવત થઈ જવાપામ્યા છે. આથી તંત્ર વધુ ચિંતીત બન્યુ છે અને તેથી તેના માટે ખાસ અલાયદી વ્યવસ્થા ઉભી કરવાનો નિર્ણય આજની બેઠકમાં લેવાશે તેમ મનાઈ રહ્યું છે.

# નવા સેકટરોમાં પણ ગ-માર્ગ પર નવા બસ સ્ટેન્ડ બનાવાશે

**સેકટરોમાં દાયકાઓ જુના બસ સ્ટોપ દુર કરી નવા સ્ટોપ બનાવવાનુ બાકી કામ હવે ઝડપથી પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં દાયકાઓ જુના બસ સ્ટેન્ડને દુર કરી નવા બસ સ્ટેન્ડ બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેર તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોને અનુલક્ષી અંદાજિત ૩૦ થી વધુ બસ સ્ટેન્ડ બનાવાનુ આયોજન કરાયુ છે. ત્યારે ચુંટણીના અંતે હવે બસ સ્ટોપ બનાવાની કામગીરી ફરી હાથ ધરાશે. નવા સેકટરોમાં સે-૩ :૪ અને સંગીત સર્કલ નજીક પણ નવુ બસ સ્ટોપ ઉભુ કરાશે.

શહેરમાં સલામત સવારી એસ ટી અમારીની સેવાને અસરકારક બનાવવા માટે બસોના સંચાલન માટે રૂટને સમયાંતરે અપગ્રેડ કરવામાં આવે છે. જયારે ટુંકમાં જ ગાંધીનગર ડેપોને વધારાની નવી બસો ફાળવવામાં આવે તેવી પણ શક્યતા છે. જેમાં મીની અને મોટી બસોનો પણ સમાવેશ થાય છે. થોડા સમય અગાઉ એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની નિમણુંકના અંતે સ્ટાફની ઘટનો પ્રશ્ન પણ હલ થયો છે. જેથી વધારાના રૂટમાં બસો દોડવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ડેપોના વર્કશોપના રીનોવેશનનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે નગરમાં જુના અને ખંડેર બનેલા બસ સ્ટોપ દુર કરી નવા બસસ્ટોપ બનાવાનુ કામ પણ હાલ ચાલી રહયુ છે. છેલ્લા કેટલાક સમયથી નવા બસ સ્ટોપ બાંધવાનુ કામ બંધ કરી દેવાયુ

● અનુસંધાન પાન-૭ પર

# બાકી સેકટરોમાં પણ ટેન્ડર બચત રકમમાંથી રસ્તાના બાકી કામો હાથ ધરાશે

**સેકટરોમાં રીંગ રોડ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોનુ પણ કામ કરાશે**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં હાલ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોની સુધારણા માટે અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષી હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા દરમિયાન ૧૫ ટકા જેટલુ ટેન્ડર નીચુ જતા બચતની રકમમાંથી બાકી રહેતા સેકટરોના આંતરિક માર્ગોનુ પણ કામ હાથ ધરવા આયોજન કરવામાં આવશે.

શહેરમાં પાંચ વર્ષથી વધુ સમયગાળાના અંતે સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. સેકટરોમાં મોટાભાગના માર્ગો બિસ્માર હાલતમાં છે. ત્યારે છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# આજે રાહુલ ગાંધી ગુજરાતમાં

**ચૂંટણીમાં પરિણામો બાદ સૌપ્રથમવાર આવશે : ગુજરાત ચૂંટણીના પરિણામો, પક્ષના દેખાવ તેમજ ચિંતન શિબિર સમીક્ષા મિટિંગ સહિતની વિગતોનો તાગ મેળવશે**

અમદાવાદ, તા.૨૨

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ફરી એક વખત અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. કોંગ્રેસની ચિંતન શિબિર પૂર્ણ થયા બાદ તેમાં થયેલી ચર્ચા વિચારણા, સમીક્ષા અને મનોમંથનની સ્થિતિ અંગે રાહુલ ગાંધી પોતે જાતમાહિતી મેળવશે અને પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને ભવિષ્યની રણનીતિ સંદર્ભે જરૂરી સૂચના પણ ગુજરાત કોંગ્રેસના નેતાઓને આપશે. રાહુલ ગાંધી આવતીકાલે તેમની મુલાકાત દરમ્યાન કોંગ્રેસના કાર્યકર્તાઓને ખાસ સંદેશો અને પ્રવચન આપશે. એટલું જ નહી, ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષ બાદ કોંગ્રેસનો જોરદાર અને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પક્ષના

● અનુસંધાન પાન-૭ પર

# કાંકરીયા કાર્નિવલને હેરીટેજ થીમની સાથે આવરી લેવાશે

**અમદાવાદના દરવાજાની ઝાંખી મુખ્ય આકર્ષણ : ૭૦ મિનિટનું ઓડિયો-વિઝયુઅલ પર્ફોમન્સ પણ આકર્ષક**

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરને આ વર્ષે જુન માસમાં પોલેન્ડ ખાતે યોજાયેલી



યુનેસ્કોની હેરીટેજ કમિટીની બેઠકમાં વૈશ્વિક કક્ષાના હેરીટેજસીટીનો દરજ્જો આપવામાં આવ્યા બાદ સૌ પ્રથમ વખત શહેરના કાંકરીયા ખાતે યોજાઈ રહેલા કાર્નિવલને હેરીટેજ થીમ સાથે આવરી લેવાનું ભવ્ય આયોજન મ્યુનિસિપલ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે આ સાથે જ કાંકરીયા કાર્નિવલમાં પ્રવેશવાની એન્ટ્રી ઉપર અમદાવાદ શહેરના મુખ્ય દરવાજાની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવશે.અમદાવાદ શહેરમાં સતત ૧૦મા વર્ષે યોજાવા જઈ રહેલા કાર્નિવલના કેટલાક કાર્યક્રમો આ વર્ષે શહેરના ભદ્ર પ્લાઝા અને રીવરફ્રન્ટ ખાતે પણ આયોજિત કરવામાં આવનાર છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કાંકરીયા ખાતે આગામી સોમવાર અને ૨૫ ડિસેમ્બરથી કાર્નિવલનો ભવ્યાતિભવ્ય આરંભ કરવામાં આવનાર છે.આ અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેને લગતી તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે. આ વર્ષે જુન માસમાં પોલેન્ડના કારકો શહેર ખાતે મળેલી યુનેસ્કોની હેરીટેજ કમિટીની બેઠકમાં અમદાવાદ શહેરને વૈશ્વિક કક્ષાના હેરીટેજ શહેર તરીકે જાહેર કરવામાં આવેલું હોઈ આ વખતે કાંકરીયા ખાતે યોજાનારા કાર્નિવલનું એ દ્રષ્ટિએ પણ મહત્વ ઘણું વધી જાય છે.આ પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા કાર્નિવલમાં પ્રવેશવાની મુખ્ય તમામ એન્ટ્રીઓ ઉપર અમદાવાદ શહેરમાં એક સમયે પ્રવેશવાના જે મુખ્ય ૧૬ દરવાજા હતા તેની આબેહુબ પ્રતિકૃતિ પણ ઉભી કરી તેની ઓળખ મુલાકાતીઓને આપવાનો પ્રયાસ કરવામાં આવનાર છે.આ સાથે જ અમે અમદાવાદી એ શિર્ષક ઉપર તૈયાર કરવામાં આવેલું ૭૦ મિનીટનું પ્રેઝન્ટેશન એ આ કાર્નિવલની મુલાકાત લેનારા તમામ મુલાકાતીઓને માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે કેમકે આ પ્રેઝન્ટેશનમાં ઓડિયો અને વિડિયો એમ બંને પ્રકારની અમદાવાદ શહેરને લગતી તમામ માહિતીઓ આપવામાં આવી છે. આ પ્રેઝન્ટેશનમાં કુલ મળીને ૧૨૫ જેટલા કલાકારો દ્વારા તેમનું પર્ફોર્મન્સ આપવામાં આવ્યું છે.આ ઉપરાંત ૨૯ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધીના સમયગાળામાં કાંકરીયા નગીનાવાડી અને ફૂટબોલ ગ્રાઉન્ડ એમ બે સ્થળોએ એરો મોડેલિંગની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે ખાસ શો લોકો સમક્ષ કરવામાં આવનાર છે જેમાં હેલીકોપ્ટર, ગ્લાઈડર, પાવર એરોપ્લેન, વગેરેની મદદથી હેરતઅંગેઝ પ્રદર્શન પણ કરવામાં આવનાર છે. શહેરમાં આ વર્ષે સૌ પ્રથમ વખત ભદ્રપ્લાઝા અને રીવરફ્રંટ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.



જય જગન્નાથ - પદનામિત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પદનામિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ વરણીની થોડીક જ ક્ષણોમાં ભગવાન જગન્નાથના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા... મહંત દિલીપદાસજીએ અને મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર જહાએ બંને મહાનુભાવોનું સ્વાગત કરી મંદિરના પરિસરમાં આવકાર્યા હતા... પૂજન અર્ચન અને આરતીનો લાભ બંને મહાનુભાવોએ લીધો હતો... મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી... વિજયભાઈ રૂપાણી અને નિતીનભાઈ પટેલે જગતના નાથના શરણમાં પ્રાર્થના કરી હતી કે, ગુજરાતના વિકાસ માટે સર્જાયેલા પડકારોને ઝીલવાની ક્ષમતા અને સમર્થતતા અમારી સરકારને સતત આપતા રહેજો... સાથો સાથ ગુજરાતની પ્રજાને સુખ-સુવિધા આપવાના પ્રયાસો સફળ બને એવા આશીર્વાદ અભિલાષ્યા હતા...

# સુબ્રમણ્યમ સ્વામી આજે અમદાવાદમાં આવશે

**ભારતીય અર્થતંત્ર અને પડકારો વિષય પર પ્રવચન આપશે ભારતમાંથી ૧૧૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભાગ લેશે**

અમદાવાદ, તા.૨૨

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા(આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બાંચ દ્વારા શહેરમાં સરદાર પટેલ મેમોરિયલ, યુનિવર્સિટી કન્વેન્શન હોલ, હેલ્મેટ સર્કલ ખાતે આજથી બી ધ ચેન્જ વિષય પર બે દિવસીય મેગા સમીટની આજથી શરૂઆત થઈ છે. જો કે, દેશના પ્રખર અર્થશાસ્ત્રી અને ભાજપના દિગ્ગજ નેતા ડો.સુબ્રમણ્યન સ્વામી આવતીકાલે આ મેગા સમીટને લઈ ખાસ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. નોંધનીય વાત એ છે કે, દેશના પ્રખર અર્થશાસ્ત્રી અને રાજયસભા સાંસદ ડો.સુબ્રમણ્યન સ્વામી દ્વારા આ મેગા સમીટમાં ભારતીય અર્થતંત્ર, તેના પડકારો અને આગળના રસ્તા વિષય પર મુખ્ય પ્રવચન આપનાર છે. ડો.સ્વામીને સાંભળવા માટે સીએ ફેકલ્ટી ભારે ઉત્સાહિત છે. દેશભરમાંથી અંદાજે ૧૧૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ આ મેગા સમીટમાં ભાગ લઈ રહ્યા છે. દરમ્યાન આ અંગે આઈસીએઆઈની અમદાવાદ બ્રાંચના ચેરમેન સીએ ચિંતન પટેલે જણાવ્યું હતુ કે,દેશના પ્રખર અર્થશાસ્ત્રી ડો.સુબ્રમણ્યન સ્વામી દેશમાં હાલ પ્રવર્તમાન અર્થતંત્રની સ્થિતિ, તેની સામેના પડકારો અને હવે આગળના શું વિકલ્પો અને અર્થતંત્રને વધુ સુદ્રઢ કેવી રીતે બનાવી શકાય તે સહિતના તમામ મુદ્દાઓ અને પાસાઓને આવરી લેતું ખાસ પ્રવચન સીએ ફેકલ્ટીને આપવાના છે.

ડો.સ્વામીનું આ વિશેષ પ્રવચન દેશભરમાંથી આવેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com